‘ગુજરાતીલેક્સિકોન’ના સૌ મુલાકાતીઓને અને ‘સન્ડે ઈ–મહેફીલ’ના સૌ વહાલા વાચકોને દીવાળી અને નુતનવર્ષના અમારા ‘સાલ મુબારક’ અને દીલી અભીનંદન... ઉત્તમ ગજ્જર

♦●♦

# ઘરના ટોડલે દીવાળીના દીવા અને અંતરના ટોડલે સમજણના...

**–વલ્લભ ઈટાલીયા**

સમય સહેજ પડખું ફેરવે છે અને વરસ બદલાઈ જાય છે. સમયને કામચોરી, લાગવગ અને ભ્રષ્ટાચાર કર્યા વગર પોતાનો ધર્મ નીભાવવાની ટેવ છે. બેસતા વર્ષનો દીવસ એ મારો અત્યન્ત પ્રીય તહેવાર છે. આ એક એવો દીવસ છે જ્યારે માણસ ખરેખર ‘માણસ’ જેવો જ લાગે છે ! ઘણીવાર એક વીચાર મારા મનમાં આપણાં ઉજળા ભાવીની આશા જન્માવે છે. બેસતા વર્ષનો એક દીવસ આપણે બધા પુરા પ્રેમ, આદર અને સદ્ભાવથી જીવી શકતા હોઈએ તો એ સાબીત કરે છે કે આપણે આખું વર્ષ પણ એ પ્રમાણે જીવી શકીએ એમ છીએ. શું નવા વર્ષના પ્રથમ દીવસે પ્રગટ થતો પ્રેમ, સ્નેહ અને ભાઈચારો આપણે આખું વર્ષ ન ટકાવી શકીએ ? ‘સાલમુબારક’ અને ‘ઈદમુબારક’ની જેમ ગળે મળવા માટે, શું હીન્દુ અને મુસલમાનને તે આખું વર્ષ પ્રેરણા ન આપી શકે ? પ્રયોગ કરવા જેવો છે.

વાતવાતમાં તોફાનો, ઝઘડા, ખુન, છેતરપીંડી અને માણસની અપરમ્પાર નીચતાથી સમાજ પક્ષાઘાતનો સામનો કરી રહ્યો છે. માત્ર સત્તાવીસ રુપીયા ટોલટૅક્સ નહીં ભરવા માટે થઈને હમણાં જ ટોલનાકાના એક કર્મચારીને ગોળીથી ઉડાવી દેવામાં આવ્યો ! સમાચાર જોયા ત્યારે આખો દીવસ મગજમાં ઘમસાણ ચાલ્યું : શું માણસની જીન્દગીનું આટલું જ મુલ્ય ? માનવજાતીની સૌથી મોટી સમસ્યા જ એ છે કે, તે પથ્થર સાથે ભગવાન જેવો વહેવાર કરે છે અને માણસ સાથે પથ્થર જેવો ! વરસ તો સમયની સાથે આપોઆપ બદલાઈ જાય છે; પરન્તુ માણસની નીચતા, દુર્દશા અને મુર્ખાઈને વરસની માફક આપોઆપ હટી જવાની આદત નથી ! વરસના દીવસો તો નીર્ધારીત હોય છે; પરન્તુ માણસની મુર્ખાઈના દીવસો નીર્ધારીત નથી હોતા ! કેટલીક વાર તો એવું લાગે છે કે, માણસ સ્વભાવે જ પેટ ચોળીને પીડા ઉભી કરનારું પ્રાણી છે ! સુખ માટે માત્ર થોડી સમજદારી જ જરુરી છે, જ્યારે દુ:ખ માટે તો હજાર કારણો છે.

કોઈને ભુખ લાગે છે એની પીડા છે, તો કોઈને પચતું નથી એની પીડા છે ! કોઈને સન્તાન નથી એનું દુ:ખ છે, તો કોઈને સન્તાન વંઠેલ થયાં છે એનું દુ:ખ છે ! કોઈને લગ્ન

થતું નથી એની પીડા છે, તો કોઈને છુટાછેડા થતા નથી એની પીડા છે ! કોઈને ઘરમાં ખાંડ નથી એની ચીન્તા છે, તો કોઈને ડાયાબીટીસ થયો છે એની ચીન્તા છે ! કોઈને બાપ નથી એનું દુ:ખ છે, તો કોઈને બાપ બગડેલો છે એનું દુ:ખ છે ! કોઈને મોત આવતું નથી એની પીડા છે, તો કોઈને મોત આંબી રહ્યું છે એની પીડા છે ! કોઈને શરીર પાતળું છે એની ચીન્તા છે, તો કોઈને શરીર લોંઠકું છે એની ચીન્તા છે ! કોઈને ઉંઘ નથી આવતી એની પીડા છે, તો કોઈને ઉંઘ પીછો છોડતી નથી એની પીડા છે ! કોઈને કામ કરવું પડે છે એની ચીન્તા છે, તો કોઈને કામ મળતું નથી એની ચીન્તા છે ! 'પ્રધાનો'ને ભ્રષ્ટાચાર કેમ કરવો એની ચીન્તા છે, તો 'અન્ના'ઓને ભ્રષ્ટાચાર કેમ અટકાવવો એની ચીન્તા છે ! કોઈને દુધના પૈસા નથી એની ચીન્તા છે, તો કોઈને દારુના પૈસા નથી એની ચીન્તા છે ! સંસારમાં થોડાઘણા અંશે દરેક માણસ દુ:ખી છે. 'ચીન્તાથી મુક્ત રહો' અને 'સદાય આનંદમાં રહો' એવાં પ્રવચનો આપનારા ચીન્તાથી મુક્ત થઈ ગયા છે એવા ભ્રમમાં કોઈએ રહેવા જેવું નથી.

ઘણીવાર આપણી ખોટી દૃષ્ટી અને આપણા ખોટા અભીગમને કારણે દુ:ખ આપણો પીછો છોડતું નથી. પોણી દુનીયાને એવો વહેમ છે કે, આપણે બીજાને કારણે દુ:ખી છીએ; પરન્તુ હકીકતમાં આપણે આપણી જ ખોટી માન્યતાઓ, આપણા ખોટા નીર્ણયો અને આપણા પોતાના ખોટા ધંધાઓના કારણે દુ:ખી થતા હોઈએ છીએ. ક્યારેક તો એવું લાગે છે કે માણસ દુ:ખના મારગે ચાલીને સુખની શોધ કરવા નીકળ્યો છે ! સુખ મેળવવા માટે માણસ ચુકવી શકવાની તાકાત ન હોય એટલું દેવું કરી બેસે છે, કમાવાની ત્રેવડ ન હોય એટલા ખર્ચાઓને પાળે છે અને ઉછેરવાની તાકાત ન હોય એટલાં બાળકો પેદા કરી નાંખે છે ! કેટલાક માણસો તો પોતાના દેહને છોડવા તૈયાર; પરન્તુ પોતાના વ્યસનને છોડવા તૈયાર નથી હોતા ! મૃત્યુબાદ 'મોક્ષ' મેળવવાની મહેનતમાં આપણે વર્તમાન જીવનને જ નર્ક બનાવી રહ્યા છીએ. એટલી જ મહેનત વર્તમાન જીવનને સુધારવા માટે કરીએ તો આપણે સ્વર્ગની રાહ મૃત્યુ સુધી નહીં જોવી પડે. સુખી થવા માટે જીવનની વાસ્તવીક ફીલસુફીને સમજવી એટલી જ અનીવાર્ય હોય છે.

માનવજીવન એ સતત સંઘર્ષ, તકલીફો, અકસ્માતો ને સમસ્યાઓની હારમાળા છે. આપણે કેટલીકવાર વીચારીએ છીએ કે એક ઘરનું મકાન થઈ જાય એટલે બસ ! દીકરીને સારું સાસરું મળી જાય એટલે બસ ! છોકરો ધંધે ચડી જાય એટલે બસ ! કમ્મરનો દુ:ખાવો મટી જાય એટલે બસ ! પચ્ચીસ–પચાસ લાખની મુડી થઈ જાય એટલે બસ ! આ બધું ધારેલું પાર પડી જાય છે ત્યારે પણ માણસની સમસ્યાઓ મટી જાય છે ખરી ? એક પ્રશ્ન ઉકેલીએ ત્યાં બીજીને સામે આવતા કેટલી વાર લાગે છે ? અવીરત સમસ્યાઓ, પારાવાર

મુશ્કેલીઓ ને સતત સંઘર્ષ એટલે જ જીવન. ગમે તેવા વીકટ સમયમાં પણ હીમ્મત હાર્યા વગર, માર્ગ કાઢીને 'યોગ્ય કર્તવ્ય' કરતા રહેવું અને આગળ વધતા રહેવું એનું જ નામ છે જીન્દગી !

માણસે 'પુર્વભવના' કર્મોનું ફળ નહીં; પરન્તુ પોતે કરવાનાં હતાં એ કર્મો ન કર્યાંનું અને ન કરવાનાં કર્મો કર્યાંનું ફળ ભોગવવું પડે છે. માણસને દુ:ખ, સમસ્યા અને સંઘર્ષ ગમતાં નથી; પરન્તુ એ જ તો જીન્દગીનો એક હીસ્સો છે. જો તમે તમારા જીવનમાં કોઈ પણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરી રહ્યા હો, તો સમજજો કે તમે ખોટી દીશામાં જઈ રહ્યાં છો ! મુશ્કેલી વધે છે ત્યારે માણસમાં એનો સામનો કરવાની દૃષ્ટી અને શક્તી પણ વધે છે. 'ભગવાન'ને શોધી રહેલા માણસ કરતાં પોતાની 'ભુલ'ને શોધી રહેલા માણસને હું વધારે સમજદાર માનું છું !

નવું વર્ષ આપ સૌ મીત્રોના જીવનમાં નવો પ્રકાશ પાથરે અને આપ સૌને યશપ્રાપ્તી, આનન્દપ્રાપ્તી અને ધ્યેયપ્રાપ્તી સુધી પહોંચાડે એવી મારી હાર્દીક શુભેચ્છાઓ સ્વીકારશો.

## પ્રસાદ

### કાયમ સુખી રહેવા માટેના બે રસ્તાઓ દેખાય છે :

૧: પરીસ્થીતીને અનુકુળ બનવું અથવા પરીસ્થીતીને અનુકુળ બનાવવી !

૨: જ્યારે કોઈ ઘટના તમારા હાથ–કાબુ બહારની હોય, ત્યારે જે થાય તે થવા દેવું અને બધું નાશ ભલે પામે; છતાં પણ ડરવું–ડગવું નહીં !

**–વલ્લભ ઈટાલીયા**

નવસારીના ભાઈ શ્રી. ગોવીન્દ મારુના 'વીચારયાત્રા' જેવા લોકપ્રીય બ્લૉગ 'અભીવ્યક્તી' – ( http://govindmaru.wordpress.com/2011/10/06/v-italiya-9/ )માંથી, લેખકશ્રીના અને બ્લૉગર મીત્ર શ્રી. ગોવીન્દભાઈના સૌજન્યથી સાભાર.... દર શુક્રવારે મુકાતા આવા વીચારો વાંચવા વીકએન્ડમાં http://govindmaru.wordpress.com/ ની મુલાકાત લેતા રહીએ...

'સન્ડે ઈ–મહેફીલ'ની 'વાચનયાત્રા'ના વાચકોને માટે શ્રી. વલ્લભભાઈની કલમ નવી નથી. અગાઉ પણ એમના ત્રણ લેખો મુકાયા છે જેને ભારે વાચકચાહના મળી હતી. તેમાં એમનું પીક્ચર અને એમનો પરીચય પણ છે..તે જોવા નીચેની લીંક પર ક્લીક કરવા વીનંતી..

**http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM**

030. Vrudhdhono Aadar..Vallabh Italia-'SeM'-2006-01-01
103. Andhshraddhaa naa MuL- Vallabh Italia-'SeM'-2007-05-27
169-1. LagnaJivan ni SafaLtaa-Vallabh Italia-'SeM'-2009-07-05

**લેખક–સમ્પર્ક:**

**શ્રી. વલ્લભભાઈ ઈટાલીયા,** 74–બી, હંસ સોસાયટી, વરાછા રોડ, **સુરત – 395 006,**
**મોબાઈલ : 98258 85900,** **ઈ–મેઈલ :** vallabhitaliya@gmail.com

♦●♦

## *ધુપછાંવ*

જીવન ચાના કપ જેવું છે. બાલ્કનીમાં બેસીને તમે ચાની ચુસકી મારો છો ત્યાં તમને ખબર પડે છે કે અંદર કોઈ ખાંડ જ નાખવાનું ભુલી ગયું છે ! ઉઠવાની આળસે તમે એ મોળી ચા પુરી કરો છો. છેલ્લે ઘુંટડે તમને તેમાં ન ઓગળેલી ખાંડ તળીયે દેખાય છે. આનું નામ જીવન !

બધાં સુખો, ન ઓગળેલી ખાંડની જેમ તમારા જીવન–કપમાં પડ્યાં જ હોય છે. તમારે સમજદારીની ચમચી વડે એને જીવનમાં ઓગાળવાં પડે. હોટલમાં ઓર્ડર આપ્યા પછી ગણતરીની ક્ષણોમાં વેઈટર તમારી સામે વાનગી હાજર કરે એટલી સરળતાથી સુખો મળી શકતાં નથી.

સુખ ઘડીયાળના કલાકના કાંટા જેવું છે. બહુ રાહ જોવડાવ્યા પછી માંડ એક ડગલું આગળ વધીને તમારી નજીક આવે; પણ સુખ જવાનું હોય ત્યારે સેકંડ કાંટાના વેગે ભાગી જાય. સુખને ન છટકવા દેવાની કળાને 'આર્ટ ઓફ લીવીંગ' કહે છે.

–દીનેશ પાંચાલ, નવસારી –ફોન: 02637 -242 098

તા. 9/10/2011ના 'ગુજરાતમીત્ર'ની રવીવારી પુર્તીમાંથી સાભાર...

**'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: સાતમું - અંક:** 229 – October 23, 2011

'ઉંઝાજોડણી'માં સાભાર **અક્ષરાંકન: ગોવીન્દ મારુ: govindmaru@yahoo.co.in**

♦●♦●♦

## Have You Played Quick Quiz Yet? No ? Try It Today !!

http://www.gujaratilexicon.com/index.php?action=quiz

Quick Quiz Is Extremely Educative, Vocabulary Enriching & Thoroughly Enjoyable ! It Is Addictive & Its Impact Is Far-Reaching. Make New "Word" Friends. Enjoy The Quick Quiz & Relieve Those Childhood Educative & Exciting Games !

Quick Quiz Is Refreshed Every Friday With New Quiz....You Can Also Play The Earlier Quiz & Check The Results Instantly...

Experience It Yourself & Share Your Comments & Feedback With Us !

# *વાંચ્યું ને ?*

ભારે આનંદદાયક, શબ્દજ્ઞાન વર્ધક અને આપણા બચપણની હરકતોની યાદ અપાવનાર, માત્ર પાંચ શબ્દોની અમારી 'ક્વિક ક્વિઝ' તમે જોઈ ? દર શુક્રવારે ત્યાં નવી ક્વિઝ મુકાય છે. લો, આ એક નમૂનો. તમે અચૂક અજમાવી જુઓ..આજે જ..

http://www.gujaratilexicon.com/index.php?action=quiz

એવી જ બીજી ત્રણસો જેટલી ક્વિઝ ત્યાં મુકાયેલી છે.. તરત જ ચકાસણી ને તરત જ પરિણામ !

ભારે રોમાંચક રમત !.. અજમાવો અને અભિપ્રાય–સૂચનો મોકલજો..


Email IDs : Maitri Shah - maitri@arniontechnologies.com
And Shruti Amin - shruti@arniontechnologies.com


@

## નવા વર્ષના એક શુભ સમાચાર

**અત્યાર સુધીમાં એક કરોડ(દસ મીલીયન) ગુજરાતી પ્રેમીઓએ 'લેક્સિકોન' એકલાની મુલાકાત લીધી......સૌનો ખુબ ખુબ આભાર...**

## જય ગુજરાતી

**More than 1,00,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 9,10,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 1,78,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

**@@@**


**'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: સાતમું - અંક:** 229 – October 23, 2011

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન: **ગોવીન્દ મારુ: govindmaru@yahoo.co.in**


**@@@@@**